### સરકારી અનાજ દુકાનમાંથી રૂ. ૨૦ના ભાવે બારોબાર વેચાઈ ગયું

# નવાપુરામાં રેશનિંગનું અનાજ ખુલ્લા બજાર વેચાતા રોષ

**પક્ષીઓને ચણ** નાખવાના બહાના હેઠળ મોટો ખેલ પાર પાડવાનો પર્દાફાશ





(પ્રતિનિધિ) વડોદરા તા.24 વડોદરામાં ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે ફાળવવામાં આવતા રેશનિંગના અનાજની અંદરોઅંદર કાળાબજારી થતી હોય તેવો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. શહેરના નવાપુરા વિસ્તારમાં આવેલી સસ્તા અનાજની દુકાનમાંથી ગરીબોના હકનું અનાજ બારોબાર સગેવગે કરી દેવાનો ખુલ્લેઆમ કારોબાર ચાલતો હોવાનું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. આ સમગ્ર ઘટનાને પગલે રેશનિંગ માફિયાઓ અને દુકાનદારોની મિલીભગત સામે અનેક સવાલો ઊભા થયા છે. નવાપુરા સ્થિત સસ્તા અનાજના સરકારી ગોડાઉન/દુકાનમાંથી એક યુવક પોતાની લારીમાં અનેક કિલો ઘઉં અને ચોખાનો મોટા પ્રમાણમાં જથ્થો બાંધીને લઈ જતો કેમેરે કેદ થયો હતો. શંકાસ્પદ હાલતમાં મોટા ઉપાડે અનાજનો જથ્થો લઈ જતા આ યુવકને રોકીને સ્થાનિકો કે પૂછપરછ કરનારાઓ દ્વારા પૂછવામાં આવતા તેણે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. યુવકે જણાવ્યું હતું કે તેણે આ ઘઉં અને ચોખા રૂ. ૨૦ પ્રતિ કિલોના ભાવે સરકારી રેશનિંગની દુકાનમાંથી જ ખરીદ્યા છે. જ્યારે યુવકને આટલા મોટા પાયે અનાજનો જથ્થો લઈ જવા અંગે વધુ સવાલો કરવામાં આવ્યા, ત્યારે તેણે પોતાની જાતને બચાવવાનો પ્રયાસ કરતા એવો વિચિત્ર દાવો કર્યો હતો કે આ અનાજ તે પક્ષીઓને ચણ નાખવા માટે લઈ જઈ રહ્યો છે. જોકે, લારી પર જે રીતે અનેક કિલો ઘઉં અને ચોખાનો મોટો જથ્થો કોથળામાં બાંધીને સીલબંધ કે વ્યવસ્થિત રીતે લઈ જવામાં આવી રહ્યો હતો તે દ્રશ્યો જોતા સ્પષ્ટ જણાઈ આવે છે કે આટલો મોટો જથ્થો માત્ર પક્ષીઓની ચણ માટે હોઈ જ ન શકે. આ દ્રશ્યો પરથી સાફ થાય છે કે સસ્તા અનાજની દુકાન ચલાવનારા તત્વો ગરીબ પરિવારો સુધી અનાજ પહોંચાડવાને બદલે તેને બારોબાર ઊંચા ભાવે વેચીને પોતાનો ગેરકાયદેસર આર્થિક ફાયદો રળી રહ્યા છે.

સરકાર દ્વારા ગરીબોના પેટનો ખાડો પૂરવા માટે રાહત દરે આપવામાં આવતું અનાજ આ રીતે કાળા બજારમાં વેચાઈ રહ્યું છે અને જરૂરિયાતમંદ ગરીબ લોકો પોતાના હકના અનાજથી વંચિત રહી જાય છે. રેશનિંગની દુકાનદારો ગરીબોનો હક મારીને બારોબાર વેપાર કરી કમાણી કરી રહ્યા હોવાના આ દ્રશ્યોએ પુરવઠા વિભાગની કામગીરી અને વિજિલન્સ તપાસ સામે પણ મોટા પ્રશ્નાર્થચિહ્નો ખડા કર્યા છે.

### સ્થાનિકોની સમયસૂચકતાથી મોટી દુર્ઘટના ટળી

# રેલવે સ્ટેશન નજીક ગાયત્રી ભવન રેસ્ટોરન્ટમાં આગથી મચી અફરાતફરી



(પ્રતિનિધિ) વડોદરા,તા.24 વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આગની ઘટના બનતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વડોદરા રેલવે સ્ટેશન નજીક જાણીતા ગાયત્રી ભવન રેસ્ટોરન્ટમાં આગ લાગી હતી. જોકે, ત્વરિત આગ પર કાબુ મેળવી લેવાયો હતો. સદનસીબે જાનહાનિ થતા ટળી હતી. રેસ્ટોરન્ટમાંથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. રેલવે સ્ટેશન પાસે આગની ઘટના બનતા મુસાફરો અને સ્થાનિક દુકાનદારોમાં ભયનો માહોલ ફેલાયો હતો. લોકોના ટોળા ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા. તાત્કાલિક આ અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જોકે, ફાયરબ્રિગેડના જવાનો ઘટના સ્થળે પહોંચે તે પહેલા જ સ્થાનિક લોકો અને રેસ્ટોરન્ટના કર્મચારીઓએ હિંમત બતાવી હતી. સ્થાનિકોએ પાણીની મદદથી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ રેસ્ટોરન્ટના એક ભાગને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. ફાયર વિભાગ દ્વારા આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે. રેસ્ટોરન્ટના કર્મચારીએ જણાવ્યું હતું કે શોર્ટ સર્કિટને કારણે ચીમનીમાં આગ લાગી હતી. લોકોએ ભેગા મળી પાણીનો મારો ચલાવી આગ બુઝાવી દીધી હતી. સિલિંગ અને સામાન મળી આશરે બે લાખનું નુકસાન થયું હતું.

### UPI ચાર્જના વિરોધમાં 2જી ઓક્ટોબરે NO UPI ડે

# વેપારીઓ એક દિવસ UPI પેમેન્ટ નહીં લે,ચાર્જ પાછો ખેંચવા માગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.24 યુપીઆઈ પર લાદવામાં આવેલા એમડીઆર ચાર્જના વિરોધમાં દેશભરમાં વેપારીઓએ આંદોલન છેડ્યું છે. વડોદરાના વેપારીઓએ પણ વિરોધ નોંધાવ્યો છે. તારીખ 2જી ઓક્ટોબરના રોજ ભારતભરમાં NO UPI દિવસ તરીકે ઉજવીને એક દિવસ માટે કોઈ પણ વેપારી યુપીઆઈ પેમેન્ટ નહીં સ્વીકારે તેવો નિર્ણય લેવાયો છે. મધ્ય ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિમિષ મહેતા અને વિવિધ એસોસિએશનના પદાધિકારીઓ સાથે ચર્ચા થઈ છે. ગણપતિ વિસર્જનને કારણે આ અંગેની સંયુક્ત મિટિંગ તારીખ 26ના રોજ રાખવામાં આવી છે. કેટ ગુજરાતના પ્રમુખ પરેશ પરીખે જણાવ્યું હતું કે, અમારા રાષ્ટ્રીય સંગઠન કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ કેટ દ્વારા મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, તેલંગાણા સહિત ગુજરાતના જૂનાગઢ, જામનગર, રાજકોટ, સુરત, વડોદરા અને અમદાવાદ એમ છ મહાનગરોમાં 2જી ઓક્ટોબરે વેપારીઓ યુપીઆઈ સ્વીકારશે નહીં. સુરતના કાપડ એસોસિએશન અને વડોદરાના તમામ મોટા એસોસિએશનનો ટેકો મળ્યો છે. કેઈટના રાષ્ટ્રીય અધ્યક્ષ ભારતીયાજીની મંજૂરી પણ મળી છે.

આ સમગ્ર આંદોલનની રૂપરેખા અને રણનીતિ નક્કી કરવા માટે 26 સપ્ટેમ્બરે સાંજે હાથીખાના ખાતે બેઠક યોજાશે. જેમાં વડોદરા વેપાર વિકાસ એસોસિએશન, એફએમસીજી, ગુજરાત વેપારી મંડળ, મીઠાઈ મર્ચન્ટ એસોસિએશન, કાપડ બજાર સહિતના આગેવાનો હાજર રહેશે. ઉલ્લેખનીય છે કે વેપારીઓની માતૃ સંસ્થા કેટ દ્વારા આ અંગે નાણામંત્રી નિર્મલા સીતારામનને પત્ર લખાયો છે, જ્યારે સ્વદેશી જાગરણ અભિયાન દ્વારા પણ વિરોધ નોંધાવાયો છે.

## ફેડુન ફાર્માસ્યુટિકલ્સે ગુડમેન વેટકેરમાં ૨૬% હિસ્સો હસ્તગત કર્યો

વડોદરા: ફેડુન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે ગુડમેન વેટકેર પ્રાઈવેટ લિમિટેડમાં 26% હિસ્સો હસ્તગત કર્યો છે. આ ભાગીદારી દ્વારા એનિમલ હેલ્થ, વેટરિનરી રિટેલ અને પેટ-કેર માર્કેટમાં કંપનીની હાજરી મજબૂત કરવાનો હેતુ છે. 1998થી કાર્યરત ગુડમેન વેટકેર મુંબઈ અને નવી મુંબઈમાં ત્રણ સ્ટોર્સનું સંચાલન કરે છે. તેના પોર્ટફોલિયોમાં વેટરિનરી દવાઓ, પેટ ફૂડ, એસેસરીઝ અને અન્ય પેટ-કેર પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. કંપનીના જણાવ્યા મુજબ, નાણાકીય વર્ષ 2024માં 14.1 કરોડની આવક હતી, જે FY26માં વધીને 23.6 કરોડ થઈ છે. કંપની FY27માં આશરે 40 કરોડ અને FY28માં 56 કરોડની આવકનું લક્ષ્ય ધરાવે છે. આગામી તબક્કામાં ત્રણ શહેરોમાં ઓછામાં ઓછા આઠ નવા સ્ટોર્સ શરૂ કરવાની યોજના છે, જ્યારે FY31 સુધીમાં આશરે 100 કરોડની આવક હાંસલ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

### મુંબઈથી મેફેડ્રોન લાવી વેચાણ કરાતુ હતું

# મેફેડ્રોન ડ્રગ્સ કેસમાં આરોપી ઈમરાન ચીકનાની રેગ્યુલર જામીન અરજી નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા,તા.24 વડોદામાં નોંધાયેલા મેફેડ્રોન ડ્રગ્સના કેસમાં આરોપી મોહંમદ ઈમરાન ઉર્ફે ઈમરાન ચીકના રેહાન અહેમદ અન્સારીની નિયમિત જામીન અરજી વડોદરા એડિશનલ સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. ફતેગંજ પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટની કલમ હેઠળ નોંધાયેલા ગુનામાં આરોપી ઈમરાન ચીકનાની તા.26 ફેબ્રુઆરી 2026ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. રિમાન્ડ પૂર્ણ થયા બાદ તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો અને કેસમાં ચાર્જશીટ પણ રજૂ થઈ ચૂકી છે. આરોપીએ લાંબા સમયથી જેલમાં હોવાના આધારે નિયમિત જામીન માંગ્યા હતા. બચાવ પક્ષે દલીલ કરી હતી કે આરોપીને ખોટી રીતે સંડોવવામાં આવ્યો છે. પોલીસે જે મોબાઈલ નંબરના આધારે તેની ધરપકડ કરી તે નંબર આરોપીનો નહીં પરંતુ રિઝવાન રેહાન અહેમદ અન્સારીનો હોવાનું જણાવાયું હતું. ઉપરાંત આરોપીના નામે બેંક ખાતું ન હોવાનું પણ રજૂ કરાયું હતું. સરકારી વકીલ અનિલ દેસાઈએ જામીનનો વિરોધ કરી જણાવ્યું હતું કે તપાસમાં આરોપી સામે પૂરતા પુરાવા મળ્યા છે. જપ્ત મેફેડ્રોનના એફએસએલ પરીક્ષણમાં મેફેડ્રોન હાઈડ્રોક્લોરાઈડની હાજરી મળી હતી. સહઆરોપીઓ મુંબઈ જઈ આરોપી પાસેથી ડ્રગ્સ ખરીદી લાવ્યા હોવાના પુરાવા, ફાસ્ટેગ વિગતો, મોબાઈલ લોકેશન, બેંક સ્ટેટમેન્ટ તથા વોટ્સએપ ચેટ અને વોઈસકોલ અંગેની વિગતો કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. બંને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપીની જામીન અરજી રદ કરી હતી.

## વડોદરા રેલવે મંડળમાં પીવાના પાણીની ગુણવત્તા તપાસમાં ૧૦૦ ટકા સેમ્પલ ફિટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.24 વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા આ વિશેષ અભિયાન અંતર્ગત મંડળના તમામ રેલવે સ્ટેશનોને આવરી લેવામાં આવ્યા છે. મેડિકલ, એન્જિનિયરિંગ અને ઈલેક્ટ્રિકલ વિભાગો દ્વારા સંયુક્ત નિરીક્ષણ કરીને સમગ્ર જળ પુરવઠા પ્રણાલીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. હેલ્થ ઈન્સ્પેક્ટરો દ્વારા વોટર કુલર, વોટર બૂથ અને વોટર હટમાંથી પાણીના નમૂના લેવામાં આવ્યા હતા. આ અભિયાન દરમિયાન પાણીના નમૂનાઓના પરિણામો અત્યંત સંતોષજનક રહ્યા છે. બેક્ટેરિયોલોજિકલ ટેસ્ટિંગમાં કુલ 190 માંથી 190 સેમ્પલ સંપૂર્ણપણે ફિટ જોવા મળ્યા હતા, જે 100 ટકા ફિટનેસ દર દર્શાવે છે. જ્યારે રેસિડ્યુઅલ ક્લોરીનેશન ટેસ્ટિંગમાં કુલ 794 પરીક્ષણોમાંથી 790 સેમ્પલ નિર્ધારિત માપદંડો પર ખરા ઉતર્યા હતા.

### લગ્ન માટે ઈનકાર કરતાં ફરિયાદ દાખલ

# સગાઈ બાદ સગીરાને હોટલમાં લઈ જઈ યુવકે દુષ્કર્મ આચર્યું

**યુવકે સગીરા સાથે** સંબંધ પણ તોડી નાખ્યા , યુવકની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.24 વડોદરામાં રહેતા યુવકે સગાઈના સંબંધનો ગેરલાભ ઉઠાવી યુવકે 16 વર્ષીય સગીરાને હોટલમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હતુ. બનાવ બાદ યુવકે સગીરા સાથે લગ્ન કરવાનો ઈનકાર કરી સંબંધ તોડી નાખતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. સગીરાના પરિવારે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરાના સિટી વિસ્તારમાં રહેતા અલ્ફેઝ અયૂબ દૂધવાલાની 16 વર્ષીય સગીરા સાથે સગાઈ થઈ હતી. સગાઈ બાદ બંને વચ્ચે સંપર્ક અને વાતચીત ચાલુ હતી. દરમિયાન આરોપી સગીરાને બહાર ફરવા લઈ ગયો હતો અને બાદમાં વિસ્તારમાં આવેલી એક હોટલમાં લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતુ. યુવકની હવસ સંતોષાઈ ગયા બાદ સગીરાએ આરોપી પાસે લગ્ન કરવાની વાત કરતાં તેણે લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો હતો અને તેની સાથેનો સંબંધ પણ તોડી નાખ્યો હતો. આથી સમગ્ર મામલો પરિવારજનો સુધી પહોંચ્યો હતો અને યુવકના પરિવારે પણ નહીં માનતા પાણીગેટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પીડિતા સગીર વયની હોવાથી પોલીસે ફરિયાદના આધારે અલ્ફેઝ અયૂબ દૂધવાલા વિરુદ્ધ POCSO એક્ટ તથા દુષ્કર્મની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી છે. પોલીસે હોટલ સહિતના મુદ્દે તપાસ હાથ ધરી વધુ કાર્યવાહી શરૂ કરી છે.

### પંડ્યા બ્રિજથી ગેંડા સર્કલ માર્ગ પર આંબેડકર સર્કલ નજીક વાહનવ્યવહાર ખોરવાયો

# વડોદરાના અટલ બ્રિજ પર રોંગ સાઈડમાં ઘસી આવેલા વાહનોથી સર્જાયો ચક્કાજામ

**ટ્રાફિક નિયમોનું** પાલન કરવા તંત્રની અપીલ



(પ્રતિનિધિ) વડોદરા તા.24 વડોદરાના મહત્વપૂર્ણ અને વ્યસ્ત ગણાતા અટલ બ્રિજ પર ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાતા વાહનચાલકો ભારે હાલાકીનો ભોગ બન્યા છે. પંડ્યા બ્રિજથી ગેંડા સર્કલ તરફ જતાં માર્ગ પર અચાનક વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી, જેના કારણે સમગ્ર રૂટ પર વાહનવ્યવહાર અત્યંત ધીમો પડી ગયો હતો.

મળતી માહિતી અનુસાર, ડો. બાસાહેબ આંબેડકર સર્કલ નજીક આ ટ્રાફિક જામની સૌથી વધુ અને ગંભીર અસર જોવા મળી હતી. ટ્રાફિક જામનું મુખ્ય કારણ કેટલાક બેદરકાર વાહનચાલકો દ્વારા રોંગ સાઈડમાં વાહનો ચલાવવાનું સામે આવ્યું છે. નિયમોનું ઉલ્લંઘન કરીને રોંગ સાઈડમાં ઘૂસી આવેલા વાહનોને કારણે સામેથી આવતા વાહનો અટવાઈ ગયા હતા, જેના લીધે બ્રિજ પર જોતજોતામાં વાહનોની કતારો લાગી ગઈ હતી. રોંગ સાઈડથી આવતા વાહનોના કારણે નિયમ મુજબ ચાલતા અન્ય નિર્દોષ વાહનચાલકોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. બ્રિજ પર ટ્રાફિકની સ્થિતિ વણસતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો અને લોકો સમયસર પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી શક્યા નહોતા.

આ ઘટનાને પગલે માર્ગ પર ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રૂપે જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું કડકપણે પાલન કરવાની ખાસ અપીલ કરવામાં આવી છે.

### વિઝિટર વિઝા પર રશિયા મોકલતા જેલમાં રહેવુ પડ્યુ

# રશિયામાં વર્ક પરમિટના નામે રૂા.૨.૫૦ લાખ પડાવી લીધા

(પ્રતિનિધિ) વડોદરા તા.24

ગોરવા વિસ્તારમાં રહેતા લક્ષ્મણ તુકારામ ગોગાવલે (ઉં.વ.38) ગેરેજમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને રશિયા ખાતે વર્ક પરમિટ પર જવાનું હોવાથી મે-2025માં તેમના મિત્ર નીતિન માનસિંહ પરમારનો સંપર્ક કર્યો હતો. નીતિને રૂ.2.50 લાખના ખર્ચે 15 દિવસમાં વર્ક પરમિટ કરાવી આપવાની ખાતરી આપી હતી. આ ખાતરી બાદ લક્ષ્મણે નીતિનને અલગ-અલગ તબક્કામાં કુલ રૂ.2.50 લાખ આપ્યા હતા. જેમાં રૂ.1.15 લાખ ગૂગલ પે મારફતે અને રૂ.1.35 લાખ રોકડા ચૂકવ્યા છે ત્યારબાદ નીતિને મેડિકલ સહિતની કાર્યવાહી કરાવી વિઝાની નકલ આપી રશિયા જવા જણાવ્યું હતું. લક્ષ્મણના જણાવ્યા મુજબ, નીતિને રશિયામાં પોતાના માણસો હોવાની વાત કરી ત્યાં જઈ તેમની સાથે સંપર્ક કરાવી વર્ક પરમિટ કરાવી આપવાની ખાતરી આપી હતી. જેથી તેઓ 19 જુલાઈ 2025ના રોજ રશિયા ગયા હતા. ત્યાં નીતિના માણસો તેમને લેવા આવ્યા હતા અને તેમની સાથે રહેવા લાગ્યા હતા. જોકે, વર્ક પરમિટ લેટર કે નોકરી આપવામાં આવી નહોતી. દરમિયાન વિઝિટર વિઝાની મુદત પૂર્ણ થઈ જતાં રશિયન પોલીસે ગેરકાયદેસર રોકાણના કેસમાં લક્ષ્મણની ધરપકડ કરી હતી અને તેમને ત્રણ મહિના સુધી જેલમાં રાખવામાં આવ્યા હતા. જેલમાંથી છૂટ્યા બાદ ભારત પરત ફરતા પરિવારે નાણા પરત માગતા નીતિને નાણા પરત નહીં મળે અને ફરીથી ઘરે નાણા માંગવા આવશો નહીં તેમ કહી, જો ઘરે આવશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ અંગે લક્ષ્મણ ગોગાવલેએ ગોરવા પોલીસ સ્ટેશનમાં નીતિન માનસિંહ પરમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### ચાર-લેન ગ્રેડ-સેપરેટેડ રોડ સુવિધા અલકાપુરી રોડ કનેક્ટિવિટીમાં વધારો કરશે

# રેલવે દ્વારા વડોદરા ડિવિઝનના અલકાપુરી ખાતે ROB નિર્માણ માટે ૧૬૬.૫ કરોડ મંજૂર કરાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.24 ભારતીય રેલવે દ્વારા પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના અલકાપુરી ખાતે રાજ્ય સરકાર સાથે ખર્ચની ભાગીદારીના ધોરણે કુલ 166.5 કરોડના ખર્ચે ચાર-લેન રોડ ઓવર બ્રિજના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ભારતીય રેલવે અને રાજ્ય સરકાર વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવશે. રેલવેનો હિસ્સો આશરે 83.2769 કરોડ રહેશે, જ્યારે રાજ્ય સરકારનો હિસ્સો પણ આશરે 83.2769 કરોડ રહેશે. વડોદરા રેલવે સ્ટેશન નજીક આવેલો હાલનો અલકાપુરી રોડ અંડર બ્રિજ, વડોદરા શહેરના અલકાપુરી અને કાળાઘોડા વિસ્તારો વચ્ચે પૂર્વ-પશ્ચિમ માર્ગ જોડાણ માટે મહત્વપૂર્ણ કડી તરીકે સેવા આપે છે. જોકે, હાલના આરયુબીમાં આશરે 3.0 મીટરની જ ઊભી ઊંચાઈ વર્ટિકલ ક્લિયરન્સ હોવાથી મોટા વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહે છે અને ચોમાસા દરમિયાન વારંવાર પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે. આ મર્યાદાઓને કારણે ટ્રાફિકની ભીડ, વાહનવ્યવહાર સંબંધિત મુશ્કેલીઓ અને માર્ગ વપરાશકર્તાઓને અસુવિધાનો સામનો કરવો પડે છે. ફોર લેન ગ્રેડ-સેપરેટેડ માર્ગ સુવિધાના નિર્માણથી હાલની માર્ગ ક્રોસિંગ વ્યવસ્થાની ક્ષમતા અને કાર્યક્ષમતામાં વધારો થશે. આ આરઓબી રેલવે કામગીરીને ખલેલ પહોંચાડ્યા વિના સુધારેલી અને વધુ અસરકારક ક્રોસિંગ સુવિધા પૂરી પાડશે. તે વડોદરા રેલવે સ્ટેશન, જીએસઆરટીસી બસ સ્ટેશન અને આગામી હાઈ-સ્પીડ રેલ બુલેટ ટ્રેન સ્ટેશનને પણ મહત્વપૂર્ણ કનેક્ટિવિટી પૂરી પાડશે. ટ્રાફિકના મૂલ્યાંકન મુજબ, પીક અવર્સ દરમિયાન પ્રતિ કલાક 1,600થી વધુ પીસીયુનો ટ્રાફિક નોંધાય છે. આ ઉપરાંત, અનેક સ્થળોએ ટ્રાફિકના પરસ્પર સંઘર્ષના બિંદુઓ તેમજ રાહદારીઓ માટેની અપૂરતી સુવિધાઓ જોવા મળે છે. પરિણામે, હાલનો આરયુબી વિસ્તારની વર્તમાન તેમજ ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે અપૂરતો સાબિત થઈ રહ્યો છે. આ ચાર-લેન ગ્રેડ-સેપરેટેડ સુવિધા હાલના આરયુબીની કાર્યકારી મર્યાદાઓને દૂર કરશે અને સાથે જ વડોદરાના આ મહત્વપૂર્ણ ભાગમાં રોડ કનેક્ટિવિટીને મજબૂત બનાવશે. આ પ્રોજેક્ટ વડોદરા રેલવે સ્ટેશન આસપાસની કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવશે, જ્યારે વધુ અસરકારક ક્રોસિંગ વ્યવસ્થા પૂરી પાડશે અને હાલના અલકાપુરી આરયુબીની મર્યાદાઓને દૂર કરશે.

### સ્થાનિકોની સતર્કતાથી ચાલક ઝડપાયો

# વડોદરા નજીક કોયલીમાં પૂરપાટ ઝડપે દોડતા ડમ્પરે કારને અડફેટે લીધી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૪ શહેર નજીક આવેલા કોયલી વિસ્તારમાંથી એક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. અહીં પૂરપાટ ઝડપે દોડી રહેલા એક બેફામ ડમ્પર ચાલકે રસ્તા પર જઈ રહેલી કારને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ ગમખ્વાર અકસ્માતના કારણે કારના આગળના તેમજ પાછળના ભાગને ભારે નુકસાન પહોંચ્યું છે. સદનસીબે કાર ચાલકનો આબાદ બચાવ થયો છે અને કોઈ જાનહાની થવા પામી નથી. અકસ્માત સર્જ્યા બાદ ડમ્પર ચાલકે ઘટનાસ્થળેથી નાસી છૂટવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. પરંતુ આસપાસના રાહદારીઓ અને જાગૃત સ્થાનિક લોકોએ સતર્કતા અને ચાલાકી દાખવીને તુરંત જ આ ડમ્પર ચાલકને પકડી લીધો હતો. પકડાઈ જવાની બીકે ડમ્પર ચાલકે પોતાનો બચાવ કરવા માટે ડમ્પરની કેબિનનો દરવાજો અંદરથી લોક કરી દીધો હતો અને તે કેબિનની અંદર જ છુપાઈને બેસી રહ્યો હતો. સ્થાનિક લોકોની આ સાહસિકતા અને એકતાના કારણે ડમ્પર ચાલક ત્યાંથી ભાગવામાં સફળ થઈ શક્યો નહોતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સમગ્ર મામલે કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે. ડમ્પરની ગતિ કેટલી હતી, અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને ડમ્પર ચાલક દ્વારા કોઈ બેદરકારી દાખવવામાં આવી હતી કે કેમ તે તમામ દિશામાં પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. શહેરમાં બેફામ વાહનચાલકો સામે કડક કાર્યવાહીની માંગ સાથે આ પ્રકારની ઘટનાઓએ ફરી એકવાર ટ્રાફિક સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભાં કર્યા છે.

### નોકરાણી સહિત ફર્નિચરનું કામ કરવા આવેલા ચાર લોકો પર શંકા

# રિફાઈનરી ટાઉનશિપના ઘરમાંથી રૂા.૭.૦૬ લાખના દાગીનાની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા.24 ગુજરાત રિફાઈનરી ટાઉનશિપના સેક્ટર-14/57માં રહેતા સિંગલાપલ્લી નાગેશ્વરાવ વેટરાવ IOCના દુમાડ LPG બોટલિંગ પ્લાન્ટમાં એપ્રિલ-2026થી મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમની પત્ની પણ ગુજરાત રિફાઈનરીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. બંને નોકરી પર જતા હોવાથી બાળકોની દેખરેખ માટે કૈલાશબેન બારિયા નામની મહિલા તથા ઘરકામ માટે સોનલબેન નામની મહિલાને નોકરીએ રાખી હતી. તા.13 ઓગસ્ટની રાત્રે પત્નીએ બેડરૂમની સાફસફાઈ દરમિયાન પોતાના સોના-ચાંદીના દાગીના એક પર્સમાં મૂકીને ટ્રાવેલિંગ બેગમાં રાખ્યા હતા. ત્યારબાદ તા.15 સપ્ટેમ્બરની રાત્રે પરિવાર અલકાપુરી ખાતે ખરીદી કરીને ઘરે પરત ફર્યો હતો. ત્યારે 10 ગ્રામનો સોનાનો નેકલેસ, 36.42 ગ્રામનો સોનાનો નેકલેસ, સોનાનું બ્રેસલેટ, 24.13 ગ્રામની સોનાની ચેન, 5 ગ્રામની ચેન, 12 ગ્રામની ચેન, 5 ગ્રામની બીજી ચેન તેમજ 10 ગ્રામના સોનાના ઝુમખા-બુટ્ટીનો મળી આશરે રૂ.7.06 લાખની ચોરી થઈ હતી. દરમિયાન ઘરમાં અવરજવર કરતી કૈલાશબેન અને સોનલબેન ઉપરાંત તા.21થી 22 ઓગસ્ટ દરમિયાન ફર્નિચરનું કામ કરવા આવેલા રામઅવધ મોતીલાલ શર્મા અને તેમના પૌત્ર આનંદ શર્મા પર પણ શંકા વ્યક્ત કરવામાં આવી છે.

## ગોરવામાં બંધ મકાનમાં ચોરી

ગોરવા વિસ્તારનીઓમ સોસાયટીમાં રહેતા કલ્પેશભાઈ રાઠોડ તા.22 સપ્ટેમ્બરે પરિવાર સાથે અમદાવાદ ગયા હતા. દરમિયાન તા.23 સપ્ટેમ્બરે પાડોશીનો ફોન આવ્યો હતો કે, ઘરનો દરવાજો ખુલ્લો છે અને નકુચો તૂટેલી હાલતમાં છે. રૂ.1.33, લાખની મતા ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું.

## ઔધવપુરામાં મકાનમાંથી ૩ મોબાઈલ ચોરાયા

ઔધવપુરા ગામના હરીનગર વિસ્તારમાં પરિવારના સભ્યો એક જ રૂમમાં સૂતા હતા છતાં બેડ પર મૂકેલા ત્રણ મોબાઈલ ચોરાઈ જતા ચકચાર મચી છે. રાત્રે મુખ્ય દરવાજો ખુલ્લો રાખ્યો હતો અને પડદો લગાવેલો હતો. સવારે માતા ઊઠતા ત્રણેય મોબાઈલ ગાયબ જણાયા હતા. ચોરાયેલા મોબાઈલની કુલ કિંમત રૂ.31 હજાર છે. બનાવ અંગે કિષ્ના કલ્પેશ ઠાકોર (ઉં.વ.21)એ ફરિયાદ નોંધાવી છે.

## સગર્ભા ભેંસ પર કૂહાડી વડે હુમલો, સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.24 વડસર ગામમાં રહેતી વિધવા મહિલાએ પોતાના આજીવિકાના સાધન સમાન ભેંસને નાનપણથી જ ખૂબ જ પ્રેમથી ઉછેરીને મોટી કરી હતી. તાજેતરમાં કોટેશ્વર ગામ નજીકથી પસાર થઈ રહેલી આ ભેંસ પર કેટલાક માથાભારે શખ્સોએ અમાનુષી અત્યાચાર ગુજારી કુહાડીના ઘા ઝીંકી દીધા હતા. શરીર પરથી સતત વહેતા લોહી અને કળતર કરતી વેદના વચ્ચે પણ આ મુક પશુ ચાલીને જેમ-તેમ કરીને વડસર ખાતે પોતાના માલિકના ઘરે પહોંચ્યું હતું. ભેંસની આવી દયનીય અને લોહીલુહાણ હાલત જોઈને માલિક મહિલા સ્તબ્ધ થઈ ગઈ હતી. મહિલાએ તાત્કાલિક પશુ ચિકિત્સકની મદદ લઈને ભેંસની સારવાર શરૂ કરાવી હતી. છેલ્લા આશરે એક મહિનાથી મહિલા આ અબોલ જીવને બચાવવા માટે રાત-દિવસ એક કરીને અથાક સારવાર કરાવી રહી હતી, પરંતુ હુમલો એટલો ઘાતકી હતો કે આખરે ભેંસનું મોત નીપજ્યું હતું.

### કચરાની ટ્રોલી લઈને જતા શ્રમિકને અડફેટે લેતા અકસ્માત

# રણોલીમાં બેફામ મોપેડ ચાલકે સફાઈ કર્મચારીને ટક્કર મારી



(પ્રતિનિધિ) વડોદરા તા.24 શહેરમાં તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બેફામ અને પુરપાટ ઝડપે વાહનો હંકારતા ચાલકોના કારણે અકસ્માતોની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. લોકો હાઈવે પર વાહન ચલાવતા હોય તે રીતે ગામડાંના સાંકડા અને અંદરના રસ્તાઓ પર પણ પૂરઝડપે વાહનો દોડાવી રહ્યા છે, જેના પરિણામે નિર્દોષ રાહદારીઓ અને શ્રમિકો ભોગ બની રહ્યા છે. આવી જ એક માર્ગ અકસ્માતની સનસનાટીભરી ઘટના વડોદરા નજીક આવેલા રણોલી ગામ ખાતે સામે આવી છે, જ્યાં એક બેફામ મોપેડ ચાલકે સફાઈ કર્મચારીને જોરદાર ટક્કર મારી હતી.

મળતી માહિતી અનુસાર, રણોલી ગામના આંતરિક રસ્તા પરથી એક સફાઈ કર્મચારી પોતાની કચરાની ટ્રોલી લઈને નિત્યક્રમ મુજબ પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન ગામના રસ્તા પરથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક મોપેડ ચાલકે અચાનક કાબૂ ગુમાવ્યો હતો અને સામેથી આવી રહેલા સફાઈ કર્મચારી તેમજ તેમની ટ્રોલીને જોરદાર ટક્કર મારી હતી. મોપેડની ઝડપ એટલી વધારે હતી કે ચાલકને સામેથી આવી રહેલા સફાઈ કર્મચારી નજરે જ પડ્યા ન હતા અને સીધી ટક્કર મારી દીધી હતી. અકસ્માતની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે સફાઈ કર્મચારી શાંતિથી પોતાની ટ્રોલી લઈને જઈ રહ્યા છે ત્યારે જ એકાએક પુરપાટ ઝડપે આવેલું મોપેડ તેમને અડફેટે લે છે. આ ઘટના બાદ લોકોમાં પૂરઝડપે વાહનો ચલાવતા ચાલકો સામે રોષ જોવા મળી રહ્યો છે.